# સરદાર પટેલ યુનિવર્સિટી

**પોસ્ટ બોકસ નં.૧૦**

**વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત)**


## પરિપત્ર

### યુનિવર્સિટી હેલ્થ સેન્ટર

વંચાણે લીધા:

૧) સિન્ડિકેટ ઠરાવ નં - ૮ તા. ૨૪/૦૨/૧૯૯૮ પત્રાંક બી/૬૮/૯૨૭૮ તા. ૧૦/03/૧૯૯૮

૨) સિન્ડિકેટ ઠરાવ નં - ૨૧ તા. ૨૯/૧૧/૨૦01 (ભૂતપૂર્વ કુલપતિશ્રીઓને તબીબી સેવાનો લાભ)

3) એફ.ઈ.ની તા. ૧૯/૦૭/૨૦13ની ભલામણો પર સિન્ડીકેટના ઠરાવ નં-૨૮ તા. 30/૦૮/૨૦13. પરિપત્ર નં. બી/૪૧/૫૨૨૪ તા. 23/10/૨૦13

૪) તા. ૨૨/૦૯/૨૦૧૫ની નોધ પર કુલપતિશ્રીના આદેશ પરિપત્ર નં. બી/૯/૫૪૯૧ તા. ૦૮/૧૨/૨૦૧૫.

૫) મહેકમ વિભાગની તા. ૨૬/૪/૨૦૧૭ની નોધ પર કુલપતિશ્રીના આદેશ. પત્ર નં. બી/૪૧/૧૪૭૮ તા.૨૯/૦૫/૨૦૧૭.

૬) તા. ૧૯/૦૮/૨૦૧૭ની મહેકમ વિભાગની નોધ પર કુલપતિશ્રી દ્વારા થયેલ આદેશ.

૭) સિન્ડિકેટ ઠરાવ નં. ૧૫ તા. ૨૮/૦૭/૨૦૧૭ લેબોરેટરી ચાર્જ અંગેનો ઠરાવ.

યુનિવર્સીટી સંચાલિત હેલ્થ સેન્ટરમાં તબીબી સારવાર અંગે નીચે મુજબના નિયમો પરિપત્ર થયા તારીખથી અમલમાં રહેશે.

૧. સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રવર્તમાન કાર્યરત કાયમી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તેમજ તેઓના કુટુંબની વ્યાખ્યામાં આવતા આશ્રિતોને તબીબી સારવાર, દવાઓ વિનામૂલ્ય મળવાપાત્ર છે.

(I) સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રવર્તમાન કાર્યરત કાયમી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તેમજ તેઓના કુટુંબની વ્યાખ્યામાં આવતા આશ્રિતોને જુદા જુદા લેબોરેટરી ટેસ્ટ કરવા માટેના પ્લાન મુજબની ફી સહિતના તમામ લાભો મળવાપાત્ર છે.

૨. યુનિવર્સિટીના વયોચિત નિવૃત કર્મચારીઓને ફક્ત તબીબી માર્ગદર્શન (Medical consultancy) મળવાપાત્ર છે. ફક્ત વર્ગ-3 અને વર્ગ-૪ના વયોચિત નિવૃત કર્મચારીઓને (આશ્રિત સહીત) ઉપર ક્માંક ૧ મુજબ તબીબી લાભ મળવાપાત્ર થશે.

3. એડહોક ધોરણે નીમાયેલા પ્રવર્તમાન કાર્યરત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને તેઓને ઇસ્યુ કરવામાં આવેલા નિમણુકપત્ર અને આધારકાર્ડ બતાવવાથી તેઓને ફક્ત તબીબી માર્ગદર્શન (Medical consultancy) મળવાપાત્ર છે.

૪. યુનિવર્સિટી સંલગ્ન સરકારી / અનુદાનિત કોલેજો તથા ઇન્સ્ટીટયુટસના પ્રવર્તમાન કાર્યરત કાયમી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તેમજ તેઓના કુટુંબની વ્યાખ્યામાં આવતા આશ્રિતોને તબીબી સારવાર, દવાઓ વિનામૂલ્ય મળવાપાત્ર છે.

(I) યુનિવર્સિટી સંલગ્ન સરકારી / અનુદાનિત કોલેજો તથા ઇન્સ્ટીટયુટસના પ્રવર્તમાન કાર્યરત કાયમી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તેમજ તેઓના કુટુંબની વ્યાખ્યામાં આવતા આશ્રિતોને જુદા જુદા લેબોરેટરી ટેસ્ટ કરવા માટેના પ્લાન મુજબની ફી સહિતના તમામ લાભો મળવાપાત્ર છે. આ કર્મચારીઓએ જે તે સંસ્થાના વડાશ્રી દ્વારા પ્રમાણિત કરાવેલ મેડીકલ કાર્ડ બતાવી યુનિવર્સિટીના મહેકમ વિભાગમાંથી જરૂરી ઓળખકાર્ડ મેળવી લેવાનું રહેશે.

૫. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી કોલેજો તથા ઇન્સ્ટીટયુટસના પ્રવર્તમાન કાર્યરત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને જે તે કોલેજ/ ઇન્સ્ટીટયુટના વડાશ્રી દ્વારા ઇસ્યુ કરેલ નિમણુક પત્ર અને આધારકાર્ડ બતાવવાથી તેઓને ફક્ત તબીબી માર્ગદર્શનની (Medical consultancy) સેવાઓ મળવાપાત્ર છે.

૬. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ ઇન્સ્ટીટયુટસ તથા અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેઓને ઇસ્યુ કરવામાં આવેલા આઈડેન્ટીટી કાર્ડ અને આધારકાર્ડ બતાવવાથી હેલ્થ સેન્ટર ખાતે ઉપલબ્ધ તમામ તબીબી સારવાર, દવાઓ વિનામૂલ્ય મળવાપાત્ર છે અને હેલ્થ ચેકઅપ માટેના લેબોરેટરી ટેસ્ટ પ્લાન ૧,૨ અને 3 મુજબ જુદા જુદા લેબોરેટરી ટેસ્ટ જરૂરી ફી સહીત મળવાપાત્ર છે.

૭. હેલ્થ સેન્ટરના લાભ મેળવવા માટે તમામ કર્મચારીઓએ પોતાના આઈડેન્ટીટીકાર્ડ ઉપરાંત આધારકાર્ડ સાથે યુનિવર્સીટીના મહેકમ વિભાગમાંથી નવું ઓળખપત્ર તા. ૩૧/૧૦/૨૦૧૭ સુધીમાં મેળવી લેવાનું રહેશે.

૮. ઉપરોક્ત ક્રમાંક ૧ થી ૬ માં ઉલ્લેખ થયા હોય તેવા જ કર્મચારીઓ હેલ્થ સેન્ટરની તબીબી સેવાઓ મેળવવાપાત્ર થશે.

૯. આકસ્મિક સંજોગોમાં મેડીકલ ઓફિસર યોગ્ય તે નિર્ણય લઈને આવનાર દર્દીને નિયત કરેલી ફી અનુસાર તબીબી સારવાર આપી શકશે.

૧૦. A- કેસ ફી

| ક્રમ | પેશન્ટની વિગત | કેસ ફી |
|---|---|---|
| ૧ | સ્ટુડન્ટ | રૂ.૧૦/- (૬ માસનાં) |
| ૨ | કર્મચારી | રૂ.૫૦/- (૬ માસનાં) |
| 3 | ફાઇલ ધરાવતા કર્મચારી | રૂ.૨૦૦/- (૧વર્ષનાં) |

B -લેબ ટેસ્ટ

| ક્રમ. | લેબ ટેસ્ટનો પ્રકાર | ચાર્જ ફી |
|---|---|---|
| A | પ્લાન-૧ | ૩૦૦/- |
| B | પ્લાન-૨ | ૬૦૦/- |
| C | પ્લાન-3 | ૩૫૦/- |

પ્લાન -૧માં નીચે મુજબની બાબતોનો સમાવેશ થશે.

૧. **Complete Blood Count (CBC)**

૨. **Urine Analysis**

3. **Diabetes Test (FBS), $PP_2$ BS or $PG_2BS$)**

૪. **Lipid Profile**

૫. **Liver Function test**

૬. **Renal Function Test (S.Creatinine, S.Urea)**

૭. **S.Uric Acid**

પ્લાન -૨માં નીચે મુજબની બાબતોનો સમાવેશ થશે.

૧. **Plan 1 + HbA1c** (૩ મહિનાની સરેરાશ બ્લડ સુગર)

પ્લાન -૩માં નીચે મુજબની બાબતોનો સમાવેશ થશે.

૧. **HbA1c**

Routine Individual test માટે ચાર્જ વસુલવામાં આવશે નહિ, જે ક્રમાંક ૧ થી ૬ ને લાગુ પડશે.

નંબર:બી/૪૧/૪૫૬૪
વલ્લભ વિદ્યાનગર
**તારીખ: ૨૮/૦૯/૨૦૧૭**

**કા. કુલસચિવ**
O/C